# ચમત્કારોનો નિયમ

રશિયાના મહાન નવલકથાકાર લિયો ટૉલ્સ્ટૉયે[2] ત્રણ સાધુઓની એક સુંદર વાર્તા લખી છે. તેના મિત્ર નિકોલસ રોએરીચે ટૂંકાવીને તેનો સાર નીચે મુજબ આપ્યો છે :

---

૧ ગીતાંજલિ ( મૅકમિલન કં. )

૨ ટૉલ્સ્ટૉયના ઘણા આદર્શો મહાત્મા ગાંધીના આદર્શોને મળતા આવતા હતા. એ બંને વચ્ચે 'અહિંસા' અંગે ઘણો પત્રવહેવાર થયો હતો. ટૉલ્સ્ટૉયના કહેવા પ્રમાણે ઈસુ ખ્રિસ્તનો મધ્યવર્તી ઉપદેશ "અનિષ્ટનો પ્રતીકાર, અનિષ્ટથી નહિ કરવો" ( મૅથ્યુ : ૫, ૩૯ ) એ હતો; અનિષ્ટનો 'પ્રતીકાર' એક માત્ર એના વિરુદ્ધના ગુણ 'ઇષ્ટ' અથવા 'પ્રેમ'થી જ કરવો.

'એક બેટ પર ત્રણ સાધુઓ રહેતા હતા. તેઓ એટલા બધા સાદા હતા કે તેમની એક માત્ર પ્રાર્થના આ હતી : અમે ત્રણ છીએ; તું ત્રણ છે — અમારા પર કૃપા કર.' આ ભોળી પ્રાર્થનાથી ઘણા ચમત્કારો સર્જાયા હતા.

સ્થાનિક પુરોહિતે[1] આ ત્રણ સાધુઓ અને તેમની અશાસ્ત્રીય પ્રાર્થનાની વાત જાણી અને તેમની મુલાકાત લઈ તેમને શાસ્ત્રીય પ્રાર્થના શીખવવાનું નક્કી કર્યું. તે આ બેટ પર આવ્યો અને સાધુઓને કહ્યું કે તેમની પ્રાર્થના શાસ્ત્રસંમત નથી. તે તેમને પ્રચલિત પ્રાર્થનાઓ શીખવીને વહાણમાં બેસીને ચાલી નીકળ્યો. વહાણની પાછળ આવતો ઝળહળતો પ્રકાશ પેલા પુરોહિતે જોયો. જેમજેમ એ પ્રકાશ વહાણ પાસે આવતો ગયો તેમતેમ પેલા સાધુઓને તેણે ઓળખ્યા. તેઓ એકબીજાનો હાથ પકડીને વહાણને પકડી પાડવા પાણી ઉપર દોડતા આવતા હતા.

પુરોહિતની પાસે આવતાં તેઓ બૂમ પાડીને બોલ્યા : 'તમે શીખવેલી પ્રાર્થના અમે ભૂલી ગયા છીએ માટે ફરીથી સાંભળવા તમારી પાસે દોડતા આવીએ છીએ.'

મંત્રમુગ્ધ થયેલા પુરોહિતે માથું ધુણાવ્યું અને નમ્રતાથી જવાબ આપ્યો : 'પ્યારાઓ, તમારી જૂની પ્રાર્થના જ ચાલુ રાખો.'

આ ત્રણ સંતો પાણી ઉપર કેવી રીતે ચાલી શક્યા ?

ક્રાઈસ્ટે પોતાના વધ થયેલા શરીરને સજીવન શી રીતે કર્યું ?

લાહિરી મહાશય અને શ્રી યુક્તેશ્વરે ચમત્કારો શી રીતે સર્જ્યા ?

---

1 આ કથાને ઐતિહાસિક આધાર છે. તંત્રીની નોંધ પ્રમાણે જણાય છે કે આ પાદરી જ્યારે આર્કેંજલથી ડ્વીના નદીના મુખ પાસે આવેલા સ્લોવેત્સ્કી મઠ તરફ બોટને હંકારી જતા હતા ત્યારે આ ત્રણ સાધુઓ તેમને મળ્યા હતા.

હજી સુધી આધુનિક વિજ્ઞાન પાસે આનો કાંઈ જવાબ નથી. જોકે અણુ-યુગના આગમનને લીધે વિશ્વમાનસનું ક્ષેત્ર એકદમ વિશાળ થઈ ગયું છે. માણસના શબ્દકોશમાંથી 'અશક્ય' શબ્દ હવે ગૌણ થતો જાય છે.

પ્રાચીન વૈદિક શાસ્ત્રો ઘોષણા કરે છે કે આ ભૌતિક જગત, માયા – સાપેક્ષતા અને દ્વૈતવાદના મૂળભૂત નિયમને આધારે ચાલે છે. ઈશ્વર – એકાકી તત્ત્વ એ શુદ્ધ અદ્વૈત છે. એ સૃષ્ટિનાં સ્વતંત્ર અને વિવિધ રૂપો તરીકે દેખાતો નથી. સિવાય કે એ ખોટું અને વિનાશી આવરણ ઓઢી લે. આ વિશ્વઆવરણ – ઇન્દ્રજાળ એ જ માયા[1] છે. આધુનિક યુગની દરેક મોટી વૈજ્ઞાનિક શોધ ઋષિઓની આ સાદી ઘોષણાનું સમર્થન કરતી આવી છે.

ન્યૂટનનો ગતિનો નિયમ એ માયાનો નિયમ છે. 'દરેક કાર્યના સમાન અને વિરોધી પ્રત્યાઘાતો હોવાના જ. બે પદાર્થોનાં પરસ્પરનાં કાર્યો હંમેશાં સમાન અને વિરોધી દિશામાં જ હોવાનાં.'

આ રીતે આઘાત અને પ્રત્યાઘાત હંમેશાં બરાબર સમાન જ હોય છે. 'શક્તિ એક જ દિશામાં હોવી અસંભવિત છે. શક્તિઓનું સમાન અને વિરોધી યુગ્મ હોવું જ જોઈએ અને તે છે પણ ખરું.'

મૂળભૂત કુદરતી પ્રવૃત્તિઓ માયાના આ મૂળ સ્વભાવનો જ નિર્દેશ કરે છે. દાખલા તરીકે વીજળી એ પ્રતીકાર અને આકર્ષણનું દૃશ્ય રજૂ કરે છે. તેના અણુઓ અને પરમાણુઓ એ વીજળીનાં પરસ્પર વિરોધી તત્ત્વો છે. બીજો દાખલો : અણુ અથવા પદાર્થનો એક ઝીણો કણ એ પૃથ્વીની માફક ધન અને ઋણ છેડાઓવાળું ચુંબક છે. આ આખું દૃશ્ય વિશ્વધ્રુવીકરણના અનિવાર્ય નિયમની પકડમાં રહીને જ ચાલે છે. પદાર્થવિજ્ઞાન, રસાયણવિદ્યા અથવા બીજા કોઈ પણ વિજ્ઞાનનો

---

૧. જુઓ નોંધ નં. ૭૨ અને નં. ૭૫

કોઈ પણ નિયમ આ મૂળભૂત આઘાત અને પ્રત્યાઘાતના સિદ્ધાંતથી કદી પણ મુક્ત હોઈ શકતો નથી.

તેથી પદાર્થવિજ્ઞાનના નિયમો પણ ખુદ સૃષ્ટિની રચનામાં જે માયા છે તેની બહાર જઈ શકે નહિ. કુદરત પોતે જ માયા છે. નિસર્ગશાસ્ત્રને પોતાના અનિવાર્ય સિદ્ધાંત અનુસાર જ ફરજિયાત કામ લેવું પડે છે. તેના પોતાના ક્ષેત્રમાં તે અમર્યાદ અને અનંત છે. ભવિષ્યનાં વિજ્ઞાનીઓ તેની વિવિધ અનંતતાઓનાં એક પછી એક જુદાંજુદાં પાસાંઓની બારીક તપાસ કરવા ઉપરાંત કશું વિશેષ કરી શકવાના નથી. વિજ્ઞાન આ રીતે છેવટના નિર્ણયે પહોંચવાને અસમર્થ હોવાથી હંમેશની સળગતી ભઠ્ઠીમાં જ રહેવાનું છે. જોકે હાલમાં અસ્તિત્વમાં છે અને જે ચાલુ છે તે વિશ્વના નિયમો શોધી શકવાને એ જરૂર સમર્થ છે. પણ એ નિયમોના બનાવનાર અને તેને ગતિમાં મૂકનાર નિયામકને શોધવાને એ અસમર્થ છે. ગુરુત્વાકર્ષણ અને વીજળીના ભવ્ય આવિર્ભાવો જાણવામાં આવ્યા. પણ ગુરુત્વાકર્ષણ અને વીજળી પોતે શું છે તે હજી કોઈ માનવી જાણી શક્યો નથી.[1]

માયાને તરી જવાનું કામ અવતારી સંતોએ મનુષ્યજાતને સોંપ્યું છે. સૃષ્ટિના દ્વૈતની ઉપરવટ થઈને સૃષ્ટિકર્તાના અદ્વૈતને નિહાળવું એ માણસનું ઊંચામાં ઊંચું ધ્યેય મનાયું છે. જેઓ આ વિશ્વની ઇન્દ્રજાળને વળગી રહેશે તેમણે ધ્રુવીકરણના અબાધિત નિયમને સ્વીકારવો પડશે – ભરતી અને ઓટ, ચડતી અને પડતી, રાત્રિ અને દિવસ, સુખ અને દુઃખ, સારું અને ખોટું, જન્મ અને

---

૧ મહાન શોધક માર્કોનીએ પૂર્ણતા સામે વિજ્ઞાનની અપૂર્ણતા બાબત નીચે મુજબનો એકરાર કર્યો હતો. "જીવનનું રહસ્ય શોધવામાં વિજ્ઞાન અશક્ત છે એ એક સત્ય હકીકત છે. શ્રદ્ધા ન હોય તો આ વાત ઘણી ભયંકર કહેવાય. જીવનના રહસ્યનો આ પ્રશ્ન ખરેખર મનુષ્યના સતત ચિંતનનો વિષય બની રહ્યો છે."

મરણ. માણસને થોડાક હજાર જન્મો લીધા પછી આવા ચક્રાકાર માળખાને લીધે એકસ્વરીપણાનો કંટાળો આવે છે અને તેથી માયાની ઉપરવટ જવા માટે આશાભરી મીટ માંડે છે.

માયાનું આવરણ તોડવું એટલે જ સૃષ્ટિના રહસ્યને પામવું. આ રીતે જે યોગી વિશ્વને તેના નગ્ન સ્વરૂપમાં જુએ છે એ જ એક માત્ર સાચો અદ્વૈતવાદી છે. બીજા બધા માત્ર અજ્ઞાની મૂર્તિપૂજકો છે. જ્યાં સુધી માણસ નિસર્ગની દ્વૈતની ઇંદ્રજાળ સ્વીકાર્યા કરશે ત્યાં સુધી દ્વિમુખી માયા એની દેવી છે. એ સાચા એક ઈશ્વરને ઓળખી શકવાનો નથી.

જ્યારે વિશ્વ ઇન્દ્રજાળ—માયા માણસના મનની મારફતે કામ કરે છે ત્યારે તે અવિદ્યા. અક્ષરશઃ 'વિદ્યા નહિ તે,' અજ્ઞાન ઇંદ્રજાળ ઊભી કરે છે. માયા અથવા અવિદ્યાનો નાશ બૌદ્ધિક ખ કે પૃથક્કરણથી કદી થવાનો નથી. પણ માંત્ર નિર્વિકલ્પ સમાધિની આંતરિક સ્થિતિ પ્રાપ્ત કરવાથી જ થઈ શકવાનો છે. જૂના કરાર (બાઈબલનો પૂર્વ ભાગ)ના તમામ સંતો, અને સઘળા દેશો અને જમાનાના પેગંબરો ચૈતન્યની આ જ ભૂમિકા ઉપરથી બોલ્યા છે.

ઈઝેકીયલ કહે છે: 'છેવટે એ મને દરવાજા પાસે લઈ આવ્યો અને એ દરવાજો પૂર્વાભિમુખ હતો; અને જુઓ ઇઝરાયેલના ઈશ્વરનો પ્રકાશ પૂર્વમાંથી આવે છે. તેનો અવાજ જાણે ઘણું પાણી વહેતું હોય એટલો મોટો છે. અને પૃથ્વી એના પ્રકાશથી ઝળહળી ઊઠી છે.' ભ્રૂકુટિ ઉપરની દિવ્ય આંખ મારફતે (પૂર્વ) યોગી પોતાનું ચૈતન્ય સર્વવ્યાપક કરે છે. અને ૐ શબ્દ જે અનેક તરંગોનો દિવ્ય ધ્વનિ છે અને સૃષ્ટિનું એક માત્ર સત્ય છે તે સાંભળે છે.

વિશ્વનાં કોટયાવધિ ગુપ્ત રહસ્યો પૈકી જે સૌથી વિશેષ દૃશ્યમાન છે તે પ્રકાશ છે. ધ્વનિનાં મોજાંને પ્રસરણ માટે વાહક

તરીકે હવા અથવા કોઈ ભૌતિક માધ્યમ જોઈએ છે. પ્રકાશનાં મોજાં આંતરગ્રહોના અવકાશમાંથી સહેલાઈથી પસાર થાય છે. અવકાશના ભૌમિતિક ગુણધર્મો ઈથરના સિદ્ધાંતને આવશ્યક બનાવે છે એવી આઈન્સ્ટીનની વિચારસરણીને આધારે તરંગવાદમાં પ્રકાશના આંતરગ્રહી માધ્યમ તરીકે ગણાતા કાલ્પનિક ઈથરને પણ ફગાવી દઈ શકાય. આ બન્ને કલ્પનાઓમાં પ્રકૃતિના કોઈ પણ આવિર્ભાવોમાં પ્રકાશ સૌથી વધુ ગૂઢ અને ભૌતિક આલંબનથી સૌથી વધુ મુક્ત છે.

આઈન્સ્ટીનની ભવ્ય કલ્પના પ્રમાણે પ્રકાશવેગ ૧,૮૬,૩૦૦ માઈલ પ્રતિસેકન્ડ—એ સમસ્ત સાપેક્ષવાદમાં વ્યાપી વળ્યો છે. માનવીના મર્યાદિત માનસને લાગેવળગે છે ત્યાં સુધી આ સતત પરિવર્તનશીલ જગતમાં કેવળ પ્રકાશવેગ જ અચળ છે, એ વાત આઈન્સ્ટીને ગણિતની રીતે સિદ્ધ કરી છે. કાળ અને સ્થળનાં સઘળાં માનવપ્રમાણો પ્રકાશવેગના એક માત્ર ' નિરપેક્ષ ' ધોરણ ઉપર જ અવલંબે છે. અત્યાર સુધી, ભાવાત્મક રીતે શાશ્વત ગણાતાં સ્થળ અને કાળ પણ સાપેક્ષ અને મર્યાદિત છે. પ્રકાશવેગના ગજમાપના સંદર્ભમાં જ તેમની માપણીનું સાચાપણું રહેલું છે.

પરિણામે સાપેક્ષતા તરીકે અવકાશ સાથે સંલગ્ન થવામાં કાળ બિનશરતી મૂલ્યોને ચરણે પડી ગયો છે. એણે હવે પોતાનું–સંદિગ્ધતાના અર્ક સમું–સરળ સ્વરૂપ પ્રગટાવ્યું છે. આઈન્સ્ટીને પોતાની કલમનાં થોડાંક સમીકરણોના પ્રહારોથી પ્રકાશ સિવાયની વિશ્વની પ્રત્યેક સુનિશ્ચિત વાસ્તવિકતાનો છેદ ઉડાવી દીધો છે.

પાછળથી વિકસેલા એના એકત્રિત ક્ષેત્રવાદ ( Unified field theory ) માં આ મહાન ભૌતિકશાસ્ત્રીએ એક અગણિતીય સૂત્રદ્વારા ગુરુત્વાકર્ષણ અને વિદ્યુત ચુંબકત્વના નિયમોને એક સાથે ગૂથી લીધા છે. વિશ્વના સ્વરૂપને એક માત્ર કાયદાના ફેરફારોને આધીન બનાવીને આઈન્સ્ટીન યુગો વટાવી જઈને વિશ્વના સમસ્ત તાણા-

વાણુને નિરંતર રંગ પલટતી માયા તરીકે જાહેર કરનારા ઋષિ-ઓની પાસે પહોંચી ગયા છે.

સાપેક્ષવાદના યુગપ્રવર્તક સિદ્ધાંત ઉપર જ અંતિમ પરમાણુની રચનાનો તાગ મેળવવાની ગણિતીય શકયતાઓ ઊભી થઈ છે. મહાન વૈજ્ઞાનિકો હવે છાતી ઠોકીને કહે છે કે પરમાણુ એ દ્રવ્ય નહિ પણ શકિત છે એટલું જ નહિ પણ પરમાણુશકિત એ માનસદ્રવ્ય છે.

સર આર્થર સ્ટેન્લે એડિંગ્ટન પોતાના 'ભૌતિક વિશ્વનું સ્વરૂપ' (The Nature of the Physical World.[1]) નામના પોતાના પુસ્તકમાં લખે છે: 'ભૌતિક વિજ્ઞાનને આભાસી જગત સાથે જ સંબંધ છે એ જાતનો નિખાલસ સ્વીકાર એ જ સૌથી વિશેષ નોંધપાત્ર પ્રગતિ છે. આ ભૌતિક જગતમાં પરિચિત જીવનનું કેવળ આભાસછાયાથી રચાતું નાટક જ આપણે નિહાળીએ છીએ. જેવી રીતે મારા હાથની કોણીની છાયા આભાસી ટેબલ પર ટેકવાયેલાં છે તેવી જ રીતે આભાસી શાહી આભાસી કાગળ ઉપર રેલાય છે. આ સઘળું પ્રતીકાત્મક છે અને ભૌતિકશાસ્ત્રી એને પ્રતીક તરીકે ગણીને પોતાના હાથ ખંખેરી નાખે છે. ત્યાર પછી કીમિયા-ગરોનો વારો આવે છે તે આ પ્રતીકોનું રૂપાંતર કરી નાખે છે. આ તારતમ્યને સ્થૂળરૂપે મૂકતાં એમ કહી શકાય કે આ જગતનું સત્ત્વ એ માનસસત્ત્વ છે.

વીજાણુ સૂક્ષ્મદર્શક યંત્ર (Electron Microscope) ની આધુનિક શોધથી પરમાણુના પ્રકાશસત્ત્વ અને કુદરતના અટલ દ્વૈતના નિશ્ચિત પુરાવાઓ સાંપડયા છે. વિજ્ઞાનીઓના એક સંઘ સમક્ષ વીજાણુ સૂક્ષ્મદર્શક યંત્રનો ૧૯૩૭માં અમેરિકન એસોસિયેશન ફોર ધી એડવાન્સમેંટ ઓફ સાયન્સ સમક્ષ કરેલા એક પ્રદર્શનનો અહેવાલ 'ન્યુ યોર્ક ટાઈમ્સે' નીચે મુજબ આપ્યો હતો:

---

૧ મેકમિલન કંપની

'આજ પર્યંત ક્ષ-કિરણોથી માત્ર પરોક્ષ રીતે માલૂમ પડેલી ટંગસ્ટન ધાતુની સ્ફટિક સરખી સ્વચ્છ રચના પ્રદીપ્ત પડદા ઉપર સ્પષ્ટ રીતે રેખાન્વિત થઈ હતી જેમાં કેન્દ્રસ્થાને એક પરમાણુ અને દરેક ખૂણામાં એક એક પરમાણુવાળી સમઘન આકારની અવકાશજાળીમાં નવ પરમાણુઓને પોતપોતાને સ્થાને સ્થિત થયેલા જોવામાં આવ્યા હતા. ટંગસ્ટનની સ્ફટિક જાળીમાંના પરમાણુઓ પ્રદીપ્ત પડદા ઉપર ભૌમિતિક ભાતમાં ગોઠવાયેલાં તેજબિંદુઓ જેવા જણાતા હતા. પ્રકાશના આ સ્ફટિક ઘન સાથે અથડાતાં હવાના અણુઓ વહેતા જળ ઉપર ઝળહળતા સૂર્યતેજની માફક પ્રકાશનાં નાચતાં બિંદુઓ જેવાં દેખાતાં હતાં.

વીજાણુ સૂક્ષ્મદર્શક યંત્રનો સિદ્ધાંત સૌ પ્રથમ ન્યુ યોર્કની બેલ ટેલિફોન પ્રયોગશાળામાં ડૉ. કિલન્ટન જે. ડેવીસોન અને ડૉ. લેસ્ટર એચ. જરમરે સને ૧૯૨૭ માં શોધી કાઢ્યો હતો. વીજાણુ એ કણ અને તરંગ[1] એમ બન્નેનાં લાક્ષણિકતાઓ ધરાવનો દ્વિવિધ વ્યક્તિત્વવાળો એકમ છે એમ તેમણે શોધ્યું. તરંગના ગુણને લીધે વીજાણુને પ્રકાશની લાક્ષણિકતાઓ મળી અને કાચ [ Lens] વડે જેમ પ્રકાશને કેન્દ્રિત કરી શકાય છે તેમ વીજાણુઓને 'કેન્દ્રિત' કરવાનાં સાધનોની શોધનો પ્રારંભ થયો.

વીજાણુને જેકીલ – હાઈડવાળી વિશિષ્ટતાની શોધ માટે — જેને લીધે એમ સિદ્ધ થયું કે આ ભૌતિક કુદરતના તમામ પ્રદેશને દ્વિમુખી વ્યક્તિત્વ છે — ડૉ. ડેવીસોનને ભૌતિક વિજ્ઞાનનું નોબેલ ઇનામ મળ્યું હતું.

સર જેમ્સ જીન્સ તેમના 'રહસ્યમય બ્રહ્માંડ' ( The Mysterious Universe )[2] નામના ગ્રંથમાં લખે છે : 'જ્ઞાનનો

---

૧ એટલે દ્રવ્ય અને શક્તિ બંને

૨ કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ

પ્રવાહ બિનયાંત્રિક વાસ્તવિકતા તરફ આગળ ધસી રહ્યો છે. બ્રહ્માંડ એક વિરાટ યંત્રને બદલે અધિકાંશે એક મહાન વિચાર તરીકે દેખાતું જાય છે.'

આવી રીતે વીસમી સદીનું વિજ્ઞાન એ પુરાણા પ્રસિદ્ધ વેદોનું સ્મરણ કરાવે છે.

જો એમ જ હોય તો પછી વિજ્ઞાન પાસેથી માનવીને આ તત્ત્વજ્ઞાનનું સત્ય શીખી લેવા દો કે અહીં કોઈ ભૌતિક વિશ્વ છે જ નહિ; તેનો તાણોવાણો એ માયા છે, આભાસ છે, ભ્રાન્તિ છે, એનું પૃથક્કરણ થતાં એની વાસ્તવિકતાનાં મૃગજળ ઓગળી જાય છે. ભૌતિક વિશ્વની પ્રતીતિ કરાવનારા સ્તંભો એક પછી એક એની નીચે કચડાઈ જતાં માણસને હવે પોતાની મૂર્તિપૂજાના આધારવાળી શ્રદ્ધા અને 'મારી સમક્ષ તારે અન્ય કોઈ દેવદેવી હોવાં ન જોઈએ.'[1] એ દિવ્ય આજ્ઞાના ભંગની એને ઝાંખી અનુભૂતિ થતી જાય છે.

દળ અને શક્તિની સમતુલા દર્શાવનારા પોતાના સુવિખ્યાત સમીકરણમાં આઈન્સ્ટીને સિદ્ધ કર્યું છે કે કોઈ પણ દ્રવ્યકણમાં રહેલી શક્તિ તેના દળ કે વજનની સાથે પ્રકાશવેગના વર્ગના ગુણાકાર જેટલી હોય છે. દ્રવ્યકણોના વિનાશ દ્વારા પરમાણુશક્તિ મુક્ત કરી શકાય છે. દ્રવ્યના મૃત્યુએ પરમાણુયુગને 'જન્મ' આપ્યો છે.

પ્રકાશવેગ ગણિતીક પ્રમાણ છે અથવા અચળ પ્રમાણ છે. તે એટલા માટે નહિ કે તેનો પ્રતિસેકંડે ૧,૮૬,૩૦૦ માઈલનો વેગ એ કોઈ નિરપેક્ષ મૂલ્ય છે. પરંતુ એનું સાચું કારણ એ છે કે પોતાની ગતિ સાથે જેનું દળ પણ વધે એવો બીજો કોઈ ભૌતિક પદાર્થ નથી કે જે પ્રકાશવેગની બરાબરી કરી શકે. બીજી રીતે

---

૧ એકઝોડસ ૨૦ : ૩ ( બાઈબલ )

કહીએ તો જે ભૌતિક પદાર્થનું દળ અનંત હોય તે જ પ્રકાશવેગની બરાબરી કરી શકે.

આ માન્યતા આપણને ચમત્કારોના નિયમ સુધી ખેંચી લાવે છે.

જે સિદ્ધ ગુરુઓ જેઓ પોતાના દેહ અને અન્ય પદાર્થોને પાર્થિવ અને અપાર્થિવ (સાકાર અને નિરાકારરૂપે) દાખવવાની શક્તિ ધરાવે છે અને પ્રકાશવેગ સાથે ગતિ રાખવા શક્તિમાન છે અને કોઈ ભૌતિક નિદર્શનને તાત્કાલિક દૃશ્યમાન કરવા માટે સર્જનાત્મક પ્રકાશકિરણોનો વિનિયોગ કરવાની ક્ષમતા ધરાવે છે તેઓ જ આઈન્સ્ટીનની આ જરૂરી શરત પૂરી કરે છે એમ કહેવાય. તેમનું દળ અનંત છે.

પૂર્ણયોગની ચિત્શક્તિ સહજ રીતે જ મર્યાદિત દેહમાં સમાતી નથી. પણ એ તો બ્રહ્માંડની સહોદર બની રહે છે. ગુરુત્વાકર્ષણ, જેને ન્યુટન 'બળ' કહે છે અથવા આઈન્સ્ટીન જેને 'જડતાનું નિદર્શન' કહે છે તે કોઈ સિદ્ધને વજનના ગુણધર્મને પ્રદર્શિત કરવાની ફરજ પાડી શકતું નથી. ગુરુત્વાકર્ષણને લીધે — વજન એ સઘળા ભૌતિક પદાર્થોનું વિશિષ્ટ લક્ષણ છે.

જે પોતાની જાતને સર્વવ્યાપક બ્રહ્મતત્ત્વ તરીકે પિછાણે છે તે દેશ અને કાળની મર્યાદામાં રહેતાં દેહની જડતાથી પર થઈ જાય છે. 'હું તે છું' એ મહાસિદ્ધાંત સમક્ષ તમામ બંધનોની દીવાલ તૂટી જાય છે.

'અહીં પ્રકાશ થાઓ ! અને ત્યાં પ્રકાશનો પ્રાદુર્ભાવ થયો.'[1] સૃષ્ટિના સર્જનકાળે ઈશ્વરના સર્વ પ્રથમ આદેશથી રચનાના અપરિહાર્ય સત્ત્વસમો પ્રકાશ અસ્તિત્વમાં આવ્યો. આ અપાર્થિવ માધ્યમની કિરણાવલિ પર સર્વ દૈવી સ્વરૂપદર્શનો

---

૧ જિનેસિસ ૧ : ૩ (બાઈબલ)

મૂર્તિમંત બન્યાં છે. બ્રહ્મનું સ્વરૂપ જ્યોત અને પ્રકાશ છે એ ઘટનાની સાક્ષી પ્રત્યેક યુગના ભક્તો પૂરે છે. સંત જ્હોન કહે છે : 'એનાં નયનો અગ્નિશિખાસમાં તેજસ્વી છે અને એનું વદન સોળે કળાએ ઝળહળતા સૂર્યસમું પ્રકાશે છે.'[1]

પૂર્ણ સમાધિ દ્વારા પોતાની ચેતનાને સરજનહારમાં નિમગ્ન કરનારો યોગી વિશ્વસત્ત્વને પ્રકાશ ( ચૈતન્યશક્તિનાં સ્પંદનો )રૂપે અનુભવે છે. તેને મન જળની રચના કરનારાં તેજકિરણો અને ભૂમિની રચના કરનારાં તેજકિરણો વચ્ચે કાંઈ ભેદ નથી. પંચ મહાભૂતોની સભાનતાથી પર, સ્થળનાં ત્રણ પરિમાણો અને કાળના ચોથા પરિમાણથી અલિપ્ત એવો સિદ્ધ પુરુષ પોતાના પ્રકાશ-દેહને એકસરખી સરળતાથી જ પૃથ્વી, જળ, હવા અને અગ્નિનાં તેજબિંબો ઉપર થઈને અથવા આરપાર પસાર કરી શકે છે.

'આથી જો તેં એક જ દૃષ્ટિ સિદ્ધ કરી હોય તો તારો સમગ્ર દેહ તેજોમય બની જશે.'[2] મુક્તિ બક્ષનાર દિવ્યચક્ષુ ઉપરની દીર્ઘકાળની એકાગ્રતાથી યોગી પદાર્થોના સઘળા આભાસો અને ગુરુત્વાકર્ષણથી ઊભા થતા વજનનો નાશ કરે છે. ત્યાર પછી આવો યોગી વિશ્વને ઈશ્વરે સર્જેલા સ્વરૂપે એટલે કે અનિવાર્યપણે ભેદ ન કરી શકાય એવા તેજદ્રવ્ય સ્વરૂપે જુએ છે.

હારવર્ડના ડૉ. એલ ટી. ટ્રોલેંડ જણાવે છે : 'પ્રકાશીય પ્રતિબિંબોની રચના ' અર્ધ છાયા'વાળી ( Half-tone ) કોતરણીના સામાન્ય સિદ્ધાંતને જ અનુસરે છે. એટલે કે તેઓ નરી આંખે ન જોઈ શકાય એટલાં સૂક્ષ્મ ટપકાંઓ અથવા અત્યંત બારીક કોતરણીનાં બનેલાં હોય છે. નેત્રપટલની સંવેદનશીલતા એટલી વિશાળ છે કે સાચા પ્રકારને મુકાબલે બહુ ઓછા તેજપુંજો દ્વારા દૃષ્ટિવિષયક લાગણી ઉપજાવી શકાય છે.

---

૧ રિવિલેશન ૧ : ૧૪-૧૬

૨ મેથ્યુ ૬ : ૨૨

સૃષ્ટિનું સત્ત્વ તેજ છે એવી દિવ્ય પ્રતીતિ જેને થઈ ગઈ છે એવા **સિદ્ધ માનવી ચમત્કારોનો નિયમ અમલમાં મૂકી શકે** છે. યોગી સર્વવ્યાપક પ્રકાશપરમાણુઓનો તત્કાલ આવિર્ભાવ કરી દશ્યમાન પદાર્થનું નિર્માણ કરી શકે છે. આવા આવિર્ભાવનું સ્વરૂપ (વૃક્ષ, દવા, મહેલ અથવા માનવશરીર જે હોય તે) યોગીની મરજી, ઇચ્છાશકિત અથવા ચિત્તમાં અંકાયેલાં ચિત્ર મુજબ નિયત થાય છે.

રાત્રે માણસ જ્યારે સ્વપ્નચૈતન્યમાં પ્રવેશે છે ત્યારે જે અહંકારવૃત્તિ હમેશાં એને ભરડો લઈ રહી હોય છે તેમાંથી એ મુક્ત થાય છે. સુપ્ત અવસ્થામાં એનું મન સર્વ શકિતમત્તાનું પ્રદર્શન કરે છે. આહા! આ સ્વપ્નમાં ભૂતકાળમાં દેવલોક પામેલા મિત્રો, દૂરદૂરના પ્રદેશો, અથવા બાળપણના કાંઈક બનાવો એની સમક્ષ આવી ઊભા રહે છે.

સર્વ મનુષ્યો જેનાથી સુપરિચિત છે એવા આ સ્વપ્નજગતના મુક્ત અને અમર્યાદ ચૈતન્યમાં ઈશ્વરપરાયણ સંતના મનની કાયમી અને પૂર્ણ સ્થિતિનું દર્શન થાય છે. કોઈ પણ વ્યક્તિગત હેતુઓથી અલિપ્ત રહેનારો અને સર્જનહારે બક્ષેલી રચનાશકિતનો ઉપયોગ કરનારો યોગી પોતાના ભક્તની કોઈ પણ સહૃદયી વિનતિને સંતોષવા માટે વિશ્વના પ્રકાશપરમાણુઓની યોગ્ય ફેરગોઠવણી કરી શકે છે.

'અને પ્રભુએ કહ્યું : 'ચાલો, આપણે માણસને આપણી જ મૂર્તિરૂપે અને આપણાં જ લક્ષણોવાળો બનાવીએ; અને તેને સમુદ્રની માછલી, હવાનાં પક્ષીઓ, બધાં જાનવરો અને સમગ્ર ભૂમિ તથા ભૂમિ ઉપર ઊગતી તમામ ચીજો ઉપર પ્રભુત્વ આપીએ.'[૧]

આ જ હેતુથી માણસ અને સૃષ્ટિની રચના થઈ છે કે જેથી વિશ્વ ઉપર પોતાનું પ્રભુત્વ છે એ જ્ઞાન સાથે એ માયાનો પતિ બની શકે.

---

૧ જિનેસિસ ૧ : ૨૬ [ બાઈબલ ]

સને ૧૯૧૫માં હું સંન્યાસી બન્યો ત્યાર પછી થોડા જ વખતમાં પરસ્પર વિરુદ્ધ તોફાનોનું એક આંતરદર્શન મને જોવા મળ્યું. એમાં મને માનવીચૈતન્યનું સાપેક્ષ સ્વરૂપ સ્પષ્ટ રીતે અંકિત થયું હતું. હું માયાનાં દુઃખદાયક દ્વૈતોની પાછળ સનાતન પ્રકાશનું ઐક્ય ચોખ્ખી રીતે ભાળતો હતો. આવું એક દર્શન, મને એક સવારે જ્યારે હું પિતાના ગુરુપર રોડ પરના ઘરના નાના ઓટલા ઉપર બેઠો હતો ત્યારે થઈ આવ્યું. કેટલાક મહિનાઓ થયા યુરોપમાં પહેલું વિશ્વયુદ્ધ ખૂબ જોરમાં ચાલતું હતું. જે જંગી માનવસંહાર થતો હતો તેનો વિચાર આવતાં મને ઘણી દિલગીરી થઈ.

ધ્યાનમાં ઊતરીને મેં મારી આંખો બંધ કરી તેટલામાં જ મારું ચૈતન્ય ત્યાંના એક લડાયક વહાણના ઉપરી કેપ્ટનના શરીરમાં સંક્રાંત થયું. કિનારાનો તોપમારો અને વહાણોના વળતા જવાબોથી હવા તોપગર્જનાઓથી ગાજી ઊઠી. એક ભયંકર તોપગોળો અમારા દારૂભંડારને અથડાયો અને મારા વહાણના ભૂકા બોલી ગયા. હું પાણીમાં કૂદી પડ્યો અને મારી સાથે આફતમાં બચી ગયેલા ખલાસીઓ પણ પાણીમાં આવ્યા. ધ્રુજતે હૃદયે હું સલામત કિનારે પહોંચ્યો પણ આહા! એક છૂટીછવાઈ ગોળીએ મારી છાતી વીંધી નાખી. હું લથડાતો જમીન પર પડ્યો. મારું આખું શરીર પક્ષાઘાત પામ્યું. તેમ છતાં જેમ એક પગને લકવો થયો હોય તે માણસ સભાન હોય છે તેમ હું સભાન હતો.

'આખરે મૃત્યનો ગૂઢ ઓળો મારા પર પથરાયો.' એવો વિચાર મને આવ્યો. ડૂસકાં ખાતાં હું બેભાન અવસ્થામાં વિલીન થતો હતો એટલામાં આહા! મારા ઘરમાં પદ્માસન વાળીને બેઠો છું એવું મને ભાન થઈ આવ્યું.

મારી આંખોમાંથી આનંદનાં આંસુઓ વહેવા લાગ્યાં. મેં મારા શરીરને થાબડ્યું અને મારી સભાનતા સાચી છે અને ગોળીના ઘાથી મારી છાતી છેક મુક્ત છે તેની ખાતરી કરવા મેં મને ચૂંટી

દીધી. હું જીવંત છું તેની પુનઃ ખાતરી કરવા હું આમથી તેમ ડોલ્યો અને શ્વાસોચ્છ્વાસની અનેક ક્રિયાઓ કરી સ્વાભિનન્દનના આ વિચારો વચ્ચે પેલા લોહિયાળ કિનારા ઉપર પડેલા કેપ્ટનના મૃતદેહમાં ફરીથી મારું ચૈતન્ય સંક્રાંત થયેલું લાગ્યું. મારું મન અતિશય ગોટાળામાં પડયું.

મેં પ્રાર્થના કરી : ' પ્રભુ, શું હું જીવતો છું કે મરેલો છું ? '

પ્રકાશનું ઝળહળતું તેજ સમગ્ર ક્ષિતિજ ઉપર ફરી વળ્યું. ધીમો ખડખડતો તરંગ શબ્દોમાં પરિણમ્યો.

' પ્રકાશની સાથે જીવન અને મૃત્યુને શો સંબંધ છે ? મારા પ્રકાશની પ્રતિમા તરીકે મેં તને ઘડયો છે. જીવન અને મૃત્યુનાં દ્વંદ્વો એ વિશ્વસ્વપ્નને લગતી બાબતો છે. સ્વપ્નવિહોણા તારા સ્વપ્નને તું ઓળખ ! ઊઠ, જાગ્રત થા, મારા બેટા, જાગ્રત થા ! '

માનવઉત્ક્રાંતિના પગથિયા તરીકે પ્રભુ ખરે સમયે અને યોગ્ય સ્થળે વિજ્ઞાનીઓને સૃષ્ટિનાં રહસ્યોને શોધવાની પ્રેરણા કરે છે. ઘણી આધુનિક શોધો જે શક્તિના વિવિધ સ્વરૂપે વિશ્વને ઓળખવામાં માણસને મદદ કરે છે તે શક્તિ તે દિવ્ય ચૈતન્યથી સંચાલિત થયેલો પ્રકાશ છે. ચલ-ચિત્રો, રેડિયો, દૂરદર્શન, રડાર ફોટો, વિદ્યુતગૃહ—સર્વદર્શી વિદ્યુતનેત્ર, અણુશક્તિઓ વગેરેની અજાયબીઓ પ્રકાશના વિદ્યુત ચુંબકીય આવિષ્કારો ઉપર આધાર રાખે છે.

ચલ-ચિત્રોની કળા કોઈ પણ ચમત્કાર સરજી શકે છે. અસરકારક દર્શનિક દૃષ્ટિબિંદુ ઉપરથી કરામતી છબીકળાને માટે કોઈ પણ અજાયબી અશક્ય નથી. મનુષ્યનું પારદર્શક સૂક્ષ્મ શરીર તેના સ્થૂળ આકારમાંથી બહાર પડતું જોઈ શકાય છે. તે પાણી પર ચાલી શકે છે, મૃતને પુનર્જીવન આપી શકે છે. વિકાસના કુદરતી ક્રમને ફેરવી શકે છે અને સમય અને સ્થળનું નિકંદન કાઢી શકે છે. પ્રકાશની પ્રતિમાઓનું મરજી મુજબ એકીકરણ કરીને એક

ફોટોગ્રાફર દષ્ટિની અજાયબીઓ ઊભી કરે છે. અને તેવી જ રીતે એક સાચો સિદ્ધ પુરુષ ખરેખરાં પ્રકાશકિરણોથી અનેક અજાયબીઓ સરજી શકે.

ચલચિત્રોની જીવંત જેવી પ્રતિમાઓ સૃષ્ટિનાં ઘણાં સત્યો સિદ્ધ કરે છે. વિશ્વના સંચાલકે એનાં પોતાનાં નાટકો લખ્યાં છે અને સૈકાઓ સુધી ચાલનારા તમાશા માટે પ્રચંડ નટો પણ ભેગા કર્યા છે. અનાદિની અંધારી ઓરડીમાંથી એક પછી એક યુગોની ફિલ્મો દ્વારા તે પોતાનું રચનાત્મક તેજબિંબ ફેંકે છે અને અવકાશના પડદા ઉપર તેનાં ચિત્રો ઊઠે છે.

જેવી રીતે ચલચિત્રોનાં પ્રતિમાઓ સાચા જેવી દેખાય છે પણ ખરી રીતે માત્ર પ્રકાશ અને છાયાનાં સંયોજનો જ છે તે જ પ્રમાણે આ વિશ્વની વિવિધતાઓ એ કેવળ આભાસી દર્શન જ છે. જીવનના અસંખ્ય આકારો અને ગ્રહોના ગોળાઓ એ વિશ્વ ચલ-ચિત્રોમાંની પ્રતિમાઓ સિવાય બીજું કશું જ નથી. પાંચ જ્ઞાનેન્દ્રિ-યોને એ ક્ષણિક સાચા લાગે છે જેમ અનંતનાં રચનાત્મક તેજ-કિરણોથી મનુષ્યના ચૈતન્યના પડદા ઉપર ક્ષણિક દશ્યો ઊઠે છે તેમ.

સિનેમાનો નિરીક્ષકવર્ગ જોઈ શકે છે કે પડદા ઉપરની સઘળી પ્રતિમાઓ પ્રકાશના નિરાકારી તેજકિરણના સાધનથી જ દશ્યમાન થાય છે. વિવિધરંગી આ વિશ્વનાટક પણ એ જ રીતે વિશ્વધામના એકાકી ધવલ પ્રકાશમાંથી બહાર આવે છે. અતકર્ય ચાતુરીથી ઈશ્વર તેનાં માનવી સંતાનોના મનોરંજન માટે નાટક કર્યા જ કરે છે જેમાં તેના આંતરગ્રહના નાટ્યગ્રહમાં તેમને એકીસાથે નટો અને નિરીક્ષકોનો ભાગ ભજવવાનો હોય છે.

એક દિવસ યુરોપનાં યુદ્ધક્ષેત્રોનાં સમાચારચિત્રો જોવા હું એક સિનેમામાં દાખલ થયો. પહેલું વિશ્વયુદ્ધ યુરોપમાં ખૂબ જોરથી ચાલી રહ્યું હતું. આ સમાચારચિત્રોએ એટલી સચોટતાથી ત્યાંના

માનવસંહારનું દૃશ્ય રજૂ કર્યું કે ભગ્ન હૃદયે મારે થિયેટર છોડી જવું પડયું.

મેં પ્રાર્થના કરી: 'પ્રભુ, આવો સંહાર તું શા માટે ચાલવા દે છે?'

મારી અત્યંત અજાયબી વચ્ચે યુરોપિયન યુદ્ધક્ષેત્રોના ખરા ચિતારવાળા આંતરદર્શન રૂપે આનો મને તત્કાલ જવાબ મળી ગયો. મરણ પામેલા અને મરણ પામતા સૈનિકોથી ઊભરાતી યુદ્ધભૂમિનો કમકમાટ પેલાં સમાચારચિત્રોએ આપેલા ચિતારને ક્રૂરતામાં કયાંય ટપી જાય એવો હતો.

એક નમ્ર અવાજ મારા આંતરચૈતન્ય ઉપર અથડાયો: 'ધ્યાનપૂર્વક જો તું જોશે કે ફ્રાન્સમાં બનતા બનાવો બીજું કાંઈ નહિ પણ પ્રકાશ અને છાયાની યુક્તિપુર્વકની ગોઠવણીનું નાટક માત્ર છે. પેલા થિયેટરના સમાચારચિત્રમાં જેમ તેં જોયું તેમ આ વિશ્વ-ચલચિત્ર ખોટું પણ છે અને ખરું પણ છે—નાટકમાં નાટક.'

મારું અંતઃકરણ હજી પણ શાંત પડયું નહોતું. દિવ્ય અવાજ આગળ ચાલ્યો: 'સૃષ્ટિ એ પ્રકાશ અને છાયા બંને છે. નહિ તો કોઈ પણ ચિત્ર શક્ય નથી. માયાનું સત અને અસત વારાફરતી ઉપરી પદે આવવું જોઈએ. આ જગતમાં સુખ જો નિરંતર જ હોય તો શું માણસ બીજું શોધવા જશે ખરો? દુઃખના અનુભવ સિવાય પોતાનું અનંત ધામ એણે તજી દીધું છે એનું સ્મરણ કરવાની એને કાળજી રહેશે ખરી? દુઃખ એને એ સ્મરણ કરાવશે. દુઃખમાંથી છૂટવાનો માર્ગ જ્ઞાન છે. મરણની કરુણતા ખોટી છે. જેઓ એનાથી ધ્રૂજે છે તેઓ અજ્ઞાની નટો જેવા છે કે જે બંદૂકના ખાલી બારથી જ માત્ર ભયથી રંગભૂમિ ઉપર મરી જાય છે. મારા પુત્રો પ્રકાશનાં સંતાનો છે. તેઓ હમેશ માટે માયામાં ઊંઘી રહેશે નહિ.

જોકે શાસ્ત્રોમાં મેં માયાનાં અનેક વૃત્તાંતો વાંચ્યાં છે, પણ આ વ્યક્તિગત આત્મદર્શનો અને તેની સાથેના શાંતિદાયક ખુલાસાઓથી જે ઊંડી સમજ મને જાગ્રત થઈ તેવી ત્યારે થઈ નહોતી. જ્યારે એક માણસને છેવટની સંપૂર્ણ ખાતરી થઈ જાય છે કે આ સૃષ્ટિ માત્ર એક વિશાળ ચલચિત્ર છે અને એનું પોતાનું સાચું સત્ત્વ એની અંદર નહિ પણ એની ઉપરવટ થવામાં છે ત્યારે એનાં મૂલ્યો સદંતર ફેરવાઈ જશે.

જ્યારે આ પ્રકરણ હું પૂરું કરી રહ્યો હતો ત્યારે મારા પલંગ ઉપર હું પદ્માસન વાળીને બેઠો હતો. છાયાવાળા બે દીવાઓ મારા ઓરડાને[1] ઝાંખું અજવાળું આપી રહ્યા હતા. મારી દૃષ્ટિ ઊંચી કરીને જોઉં છું તો મને જણાયું કે છત ઝીણાં, રાઈ રંગનાં પ્રકાશબિંદુઓથી ભરાઈ ગઈ હતી અને રેડિયમના જેટલા તેજથી ચમકતી અને ધ્રુજતી હતી. વરસાદની ધારા માફક પારદર્શક બાણો જેવાં અસંખ્ય તેજકિરણો મારા ઉપર શાંતિથી વરસી રહ્યાં હતાં.

મારા ભૌતિક શરીરે એકદમ તેની સ્થૂળતા છોડી દીધી. અને સૂક્ષ્મતાનો અંચળો ધારણ કરી લીધો. હું તરતો હોઉં એવું મને લાગ્યું. કેમ કે વજન વિનાનું મારું શરીર પથારીને ભાગ્યે જ સ્પર્શ કરતું હતું; અને ડાબી અને જમણી તરફ વારાફરતી આમતેમ હાલતું હતું. મેં ઓરડામાં ફરતે જોયું : ફર્નિચર અને દીવાલો જેમની તેમ હતી. પણ પ્રકાશનો નાનો પુંજ એટલો વિસ્તાર પામ્યો કે છત દેખાતી બંધ થઈ અને હું મંત્રમુગ્ધ થઈ ગયો.

પ્રકાશમાંથી જાણે કે કોઈ અવાજ આવ્યો : 'આ છે વૈશ્વિક ચલચિત્રની યંત્રકળા જે તારી પથારીની ચાદરોના સફેદ પડદા ઉપર પોતાનું તેજબિંબ ફેંકે છે અને તારા શરીરનું ચિત્ર તૈયાર કરે છે. જો, તારું શરીર પ્રકાશ સિવાય બીજું કાંઈ જ નથી !'

---

૧ સેલ્ફ રીઅલાઈઝેશન ફેલોશિપ આશ્રમ એન્સિનીટસ, કેલિફોર્નિયામાં. [પ્રકાશકની નોંધ]

મેં મારા હાથ સામે જોયું. અને તેને આમતેમ હલાવી જોયા પણ મને તેનું કાંઈ વજન લાગ્યું નહિ. હૃદયોર્મિના આનંદથી હું ઊભરાઈ ગયો. મારા શરીર રૂપે બહાર આવતા પ્રકાશના આ વિશ્વ-મૂળ એ સિનેમાઘરના અંધારિયા ઓરડામાંથી ફેંકાતાં અને પડદા ઉપર પ્રતિમાઓનું નિદર્શન કરાવતાં તેજકિરણોની દિવ્ય આવૃત્તિ જેવાં દેખાતાં હતાં.

ઘણા વખત સુધી મારી પોતાની શયનખંડ રૂપી અર્ધપ્રકાશિત રંગભૂમિ ઉપર મારા શરીરના આ ચલચિત્રનો અનુભવ લીધો. ભૂતકાળમાં મને જે અનેક આંતરદર્શનો થયાં હતાં તે પૈકી આની ભાત તદ્દન નિરાળી જ હતી. જ્યારે સ્થૂળ શરીરનો મારો આભાસ સદંતર ઓગળી ગયો અને સર્વ પદાર્થોનું સત્ત્વ એક માત્ર પ્રકાશ જ છે એવી મારી પ્રતીતિ ગાઢ થઈ ત્યારે પ્રાણકણોના ધબકતા પ્રવાહ સામે મેં જોયું અને આજીજીપૂર્વક બોલ્યો :

' દિવ્ય જ્યોત ! કૃપા કરીને મારા આ નમ્ર શારીરિક ચિત્રને તારામાં સમાવી લે. જેવી રીતે પ્રકાશનો રથ ઈલીજાને સ્વર્ગમાં ખેંચી ગયો હતો તેમ.[1]

આ વિનતિ કાંઈક ચમકાવનારી હતી. તેજબિંદુ અદૃશ્ય થયું. મારા શરીરે પુનઃ વજન ધારણ કર્યું અને પથારીમાં પડયું. છત ઉપરનાં ઝળહળતાં-પ્રકાશકિરણો ઝાંખાં થયાં. અને પછી અદૃશ્ય થયાં. આ જગત છોડી જવાનો મારો સમય હજી પાક્યો નહોતો.

' એ સિવાય,' મેં તત્ત્વદૃષ્ટિથી વિચાર કર્યો. ' કદાચ મારા આ અનુમાનથી ઈલીજા નાખુશ પણ થાય.'

---

૧   ૨ કિંગ્ઝ ૨ : ૧૧ ( બાઈબલ )

સામાન્ય રીતે ચમત્કાર તેને જ કહેવાય કે જે પરિણામ અથવા બનાવ કોઈ નિયમ વગર અગર નિયમથી અતીત્ થઈને બન્યો હોય, પણ આપણી આ અતિ સરસ રીતે ગોઠવાઈ ગયેલી સૃષ્ટિમાં જે કોઈ બનાવો બન્યા છે તે નિયમપૂર્વક જ બન્યા છે. અને તેના નિયમો સમજાવી શકાય એવા છે. કોઈ મહાન સંતની કહેવાતી ચમત્કારિક શક્તિઓ, એ એમના ચૈતન્યના